


અંદાજપત્ર પરિસંવાદ : ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ઈનોવેટ સિક્યોરીટી પ્રાઈવેટ લીમીટેડ દ્વારા બજેટ પર સમીક્ષા પરિસંવાદ યોજાયો હતો. જેમાં સર્વશ્રી હિમાંશુ ખત્રી, માલવ ચોકસી, ખુશાલ પારેખ અને બ્રિજેશ ઠાકરે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. (તસવીર : દિપક જાની)

# સેક્ટર-૨૦માં તંત્ર સુવિધા માટે રાજકીય કિન્નાખોરી રાખી રહ્યું છે

## સેક્ટર-૨૦ના શોપીંગમાં શૌચાલય અને સ્વચ્છતાના પ્રશ્ને પગલાં નહિ લેવાય તો આંદોલનની ચીમકી આપતા પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે સે. ૨૦ જે તેમના વોર્ડમાં આવે છે ત્યાં શોપીંગ સેન્ટરમાં શૌચાલય બનાવવાની રજુઆતો પછી પણ કિન્નાખોરી રાખી તંત્ર આંખ આડા કાન કરી રહ્યાનો આક્ષેપ કર્યો છે. તેમણે એક માસમાં પ્રશ્નો નહિ ઉકેલાય તો આંદોલનની ચિમકી પણ આપી છે.

આજે મ્યુનિ. કમિશ્નરને લખેલા એક પત્રમાં સ્વચ્છતા માટે તંત્રના ઉદાસીન વલણ અંગે આકરો રોષ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો છે. અક્ષરધામ અને આસપાસના વિસ્તારોમાં પણ સફાઈ નહિ થતું હોવાનું તેમણે પત્રમાં જણાવ્યું છે.

સેક્ટર-૨૦માં નીચેની બાબતોએ નગરજનોએ તેમજ દરેક વિભાગને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં, આજદિન સુધી કોઈ કામગીરી થઈ નથી, જ્યાં વર્ષોથી જુનું શોપીંગ તેમજ ૪૦-૫૦ દુકાનો હોવા છતાં વિકાસથી વંચિત રાખવામાં આવે છે. સ્વચ્છતાના ભાગરૂપે મહાકાળી પરામાં વેપારીઓને તેમજ ગ્રાહકોને રોજીંદી ક્રિયા માટે શૌચાલયની પણ વ્યવસ્થા નથી, તેમજ બ્લોક, રોડ, લાઈટ તેમજ શૌચાલય પાયાની જરૂરીયાતો તેમજ ૧૦૦ ટકા ગ્રાન્ટના કામો નથી થયા. જ્યાં લાખો કરોડો રૂપિયા સ્વચ્છ ભારત મિશન માટે ખર્ચાય છે, જ્યાં વિશ્વ સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિર આવેલ છે જે મંદિરમાં લોકો દર્શન કરી અને સ્વચ્છતાની નોંધ લઈને જાય છે તેવા મંદિરની બાજુમાં, નજીકમાં ઝુંપડપટ્ટી આવેલ છે, ત્યાં પણ પાયાની જરૂરીયાતો પુરી પાડવામાં આવતી નથી, ત્યાં પણ જાહેરમાં શૌચક્રિયા કરે છે.

આ ગંભીર નોંધ લઈ તાત્કાલીક યોગ્ય કરશો. સે. ૨૦, ૨૧, ૨૨માં અધિકારીઓ તેમજ સત્તાધીશો દ્વારા પણ પાયાની જરૂરીયાતો માટે સ્લમ આવાસ યોજના તેમજ શૌચાલયો માટે લાખો રૂપિયાની ગ્રાન્ટોની જોગવાઈ કરેલ હોવા છતાં અને વારંવાર મેયરશ્રીને તેમજ કમિશ્નરશ્રીને રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી અને મેયરશ્રીને પણ ગ્રાન્ટમાંથી લોકહિતમાં ભલામણ કરી હોવા છતાં પણ ધ્યાનમાં લીધેલ નથી.


આ બાબત દુઃખદ છે જો એક માસની અંદર કાર્યવાહી કરવામાં નહિ આવે તો વેપારીઓ તથા શહેરીજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. લાખો રૂપિયા કરવેરા પ્રજાના પરોક્ષ તથા પ્રત્યક્ષ ભર્યા હોવા છતાં, શૌચાલયો તથા સ્વચ્છતા ન હોય, જાહેરમાં શૌચાલય કરતા હોય, બાગ-બગીચા સ્વચ્છ ન હોય, રખડતા ઢોરનો ત્રાસ હોય આ બધી સમસ્યાનું નિવારણ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરશો. ઉપરોક્ત બાબતોનું સ્માર્ટ સીટીના કાર્યક્રમમાં નગરસેવકોએ પ્રજાજનોએ રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

### આજે રાશિ ધન

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર સવારે સાડા અગિયારે મકર રાશિમાં પ્રવેશે છે. કાલસર્પ યોગ અને ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** અગિયારમે સૂર્ય દવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ફાયદો કરાવી શકે છે. આઠમે સ્વગૃહી મંગળ અગિયારમે સૂર્ય ઉપર દ્રષ્ટિ કરતો હોઈ પડવા - વાગવા - દાઝવાથી સાચવશો.

**વૃષભ** સાતમે મંગળ સ્વગૃહી હોઈ પત્ની વારંવાર તમારા ઉપર ગુસ્સો કરે - ચોથે - દસમે કાલસર્પ યોગ અને ચોથે ચાંડાલ યોગ હોઈ દિવસ આખો વ્યગ્રતામાં - મૂંઝવણમાં પસાર થાય.

**મિથુન** સાતમે ચંદ્ર તમારા હાલના વ્યવસાયમાં નવી ક્રીએટીવીટી લાવે - કાંઈક નવું કરવાનો મુડ વારંવાર થાય - પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લઈને આગળ વધશો તો ચોક્કસ ફળ પ્રાપ્ત કરશો.

**કર્ક** પાંચમે સ્વગૃહી મંગળ - શનિની યુતિ સંતાનોના ભણવામાં એકાગ્રતા આવવા દેશે નહીં. છઠ્ઠે ચંદ્ર સારો છે - વ્યસનોથી મુક્ત રહેવું - મિત્રોથી સાવધ રહેવું.

**સિંહ** રાશિમાં ગુરુ - રાહુને સૂર્યથી દ્રષ્ટ કરતા હોઈ ચાંડાલ યોગની અસરો ઓછી થાય છે. સાતમે સૂર્ય કેતુ બુધની સામે રાહુ હોઈ કાલસર્પ યોગ થાય છે. 'નમઃ શિવાયઃ' મંત્રના જાપ કરવા.

**કન્યા** કલાના ક્ષેત્રે બપોરે બાર વાગ્યા પછીથી આપના સંતાનો ઝળહળી ઉઠે તેવો ચંદ્ર શુક્રની યુતિનો યોગ આજે થાય છે. બુધ અસ્તનો છે તેથી આજે તમારે આત્મ વિશ્વાસની વધુ જરૂર છે.

**તુલા** ચોથે ચંદ્ર - શુક્રની યુતિ આજે બપોર બાદ તમોને માત-પિતા - પત્ની તરફથી આર્થિક લાભ અપાવે. વડીલ મિત્રો મદદરૂપ થાય. કલા - સાહિત્ય ક્ષેત્રે અભિરૂચિ કેળવાય. ફાયદો થાય.

**વૃશ્ચિક** રાશિમાં સ્વગૃહી મંગળ તેમજ ત્રીજે શુક્ર - ચંદ્રની યુતિ તમોને અણધાર્યો આર્થિક લાભ અપાવે. દસમે ચાંડાલ યોગ તથા ચોથે - દસમે કાલસર્પ યોગના નિવારણ અર્થે 'ઓમ નમઃ શિવાયઃના જાપ કરવા.'

**ધન** સવારે સાડા અગિયાર સુધી ચંદ્ર આપની રાશિમાં ઘણો સારો છે. પૃથ્વીથી સૌથી નજીક ગ્રહ ચંદ્ર છે તેથી ફળ પણ ત્વરિત આપે છે - શુભ ગ્રહ હોઈ આપને આજે લાભ કરાવે તેવા યોગ છે.

**મકર** બપોરે બાર વાગ્યાથી ચંદ્ર આપની રાશિમાં શુક્ર સાથે યુતિ કરતો આવે છે જેથી આપને ઘણો જ લાભ થશે - કલા - સાહિત્યના ક્ષેત્રના વર્ગ સમૂહને ઘણો ફાયદો કરાવે.

**કુંભ** બારમે ચંદ્ર - શુક્રની યુતિ બપોર પછી આપને ફેશન - કલા તેમજ અન્ય ખર્ચાઓ કરાવે - બીન જરૂરી ખરીદી કરો. પત્ની ખોટા ખર્ચા કરાવે તો સમજાવટથી કામ લેવું.

**મીન** અગિયારમે શુક્ર - ચંદ્રની યુતિ તમોને અણધાર્યા લાભ અપાવે - સમુદ્રમાંથી ઉત્પન્ન થતી ચીજવસ્તુઓના વેપારમાં લાભ થાય - આજે દિવસ આનંદમાં પસાર થાય - ફાયદો થાય.

## સીમાંકનની હદમાં...

● છેલ્લા પાનાનું ચાલુ

નં. ૬માં પછાત વર્ગની વસ્તી ૭૯૦૨ થાય છે. આમ વસ્તીની વધઘટ થતાં ૧૮-૨-૧૬ના પ્રાથમિક આદેશમાં કલેક્ટરશ્રી ગાંધીનગરે સૂચવેલ સુધારા ધ્યાને લઈ જરૂરી સુધારા કરવામાં આવ્યા હોવાનું પંચના આદેશમાં જણાવવામાં આવ્યું છે.

પંચના આદેશને પગલે હવે અનામત બેઠકોની ફાળવણીમાં પણ ફેરફાર થવા પામ્યો છે. જેમાં વોર્ડ નં. ૧, ૩, ૪, ૭માં ફેરફાર થવા પામ્યો છે. ત્રીજી બેઠકની ફાળવણીમાં ફેરફારો થયા છે.

## ઊંચી ટાંકી...

● છેલ્લા પાનાનું ચાલુ

સુવિધા માટે ૨૫ લાખ લીટરનો પાણીનો સંપ ,૫ લાખ લીટરની ૨૧ મીટર ઉંચી પાણીની ટાંકી તેમજ વિતરણની લાઈન તેમજ ઈલેક્ટ્રીક કામગીરીના કામોનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. પાણી પુરવઠાની આ કામગીરીને અનુલક્ષીને હાલમાં વર્ષ ૨૦૨૬ સુધીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આગામી તબક્કામાં આએ સંપનુ વિસ્તરણ કરી કોલવડાના ટી પી વિસ્તારમાં પણ પાણી પુરુ પાડવા માટે આયોજન કરવામાં આવશે. ચિલોડા ખાતે એલ આઈ જી આવાસના પ્લોટ ખાતે રૂ ૭.૫૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલી સુવિધાયુકત આંગણવાડીનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં બાળકો માટે લાયબ્રેરીની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. આ આંગણવાડીનો આસપાસના ગ્રામજનોને લાભ મળશે. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ મંડળના પ્રમુખ આઈ બી વાઘેલા ,પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, કારોબારી સમિતિના ચેરમેન ઘનશ્યામ પટેલ તાલુકા ભાજપના મહામંત્રી જશુભાઈ પટેલ મહોબતજી ઠાકોર એમ આર પટેલ સહીતના ભાજપના સ્થાનિક આગેવાનો હાજર રહયા હતા.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૮, માણસામાં ૨૮ અને દહેગામમાં ૧૮ નિરંતર શિક્ષણના કેન્દ્રો ચાલે છે. આ નિરંતર શિક્ષણ કેન્દ્રો આગામી દિવસોમાં ૨૯ ગામોમાં નવા શરૂ કરવા અંગેનું આયોજન હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● સામુહિક વન-નિર્માણ યોજના : ગાંધીનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૧૫-૧૬માં કેટલા વિસ્તારમાં વાવેતર થયુ તેવા ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૪૦ હેક્ટર અને ૨૦૧૫-૧૬માં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૧૯૦ હેક્ટરમાં આ યોજના અંતર્ગત વાવેતર કરવામાં આવ્યુ છે.

આ વાવેતર પાછળ બે વર્ષમાં રૂ. ૩૮૮.૯૧ લાખનો ખર્ચ થયેલ છે તેમ પણ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો : માણસાના કોંગી સભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૩૫૩ સસ્તા અનાજની દુકાનો છે.

ગાંધીનગર ગ્રામ્યમાં ૯૦, ગાંધીનગર શહેરમાં ૩૭, કલોલમાં ૯૦, માણસામાં ૬૬ અને દહેગામમાં ૭૦ દુકાનો આવેલી છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં એક પણ નવી સસ્તા અનાજની દુકાનોને માન્યતા અપાઈ નથી કે ચાલુ કરવામાં આવેલ નથી. પરંતુ ૯-૯-૨૦૧૫થી ગાંધીનગર જિલ્લામાંથી નવી/ બંધ પડેલ વ્યાજબી ભાવની કુલ ૪૯ દુકાનો ખોલવા અંગે જાહેરનામુ બહાર પાડેલ છે. જેની સામે ૧૬૪ અરજીઓ જિલ્લાઓણાંથી મળી છે. આ અંગે નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ દુકાનો ફાળવવાની કાર્યવાહી કરવાનું આયોજન છે.

## પાંચ સભ્યોને.....

● પહેલા પાનાનું અનુસંધાન

વિકાસ અધિકારીશ્રી દ્વારા રદ કરવામાં આવી છે તો શિક્ષણ સમિતિની કાર્યવાહી નોંધ પર હજુ કાર્યકારી અધ્યક્ષની સહિ થઈ નહિ હોવાથી કોકડુ ગુંચવાયેલું છે ત્યાં આજે પ્રદેશ દ્વારા નોટીસ ફટકારવામાં આવતાં પંચાયતમાં પણ સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.

પ્રદેશ સમિતિએ પંચાયત પ્રમુખ પાસેથી પણ વિગતો મેળવી હતી તેમજ જે રીતે બળવો પોકારવામાં આવ્યો છે તેને અતિ ગંભીરતાથી લેવામાં આવ્યો હોઈ શિસ્તભંગના આકરા પગલાં લેવાય તો નવાઈ નહિ તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

**જાહેર નિવિદા**




**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**(ગુજરાત સરકારનું સંપૂર્ણ સાહસ)**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. : ૨૩૨૫૨૯૧૨/૧૫) દ્વારા અનુભવી આઉટ સોર્સીંગ એજન્સીઓ પાસેથી નિગમની મુખ્ય કચેરી તથા પી.આઈ.યુ. કચેરી માટે અનુભવી વિવિધ કચેરીની કામગીરીની સેવાઓ પુરી પાડવા માટેના ભાવો બંધ કવરમાં માંગવામાં આવે છે. પુરી પાડવાની થતી સેવાઓ અંગેની વિગતો અત્રેની કચેરીએથી ઈસ્યુ કરવામાં આવતાં ભાવપત્રકમાંથી મળી રહેશે. સરકારી / અર્ધ સરકારી સંસ્થાઓમાં આ પ્રકારની સેવાઓ પુરી પાડવાના કામનો અનુભવ ધરાવતી આઉટ સોર્સીંગ એજન્સીઓને ભાવપત્રક ઈસ્યુ કરવામાં આવશે. રસ ધરાવતી એજન્સીઓ અનુભવના પ્રમાણપત્રની નકલ તથા ટેન્ડર ફી તરીકે રૂ. ૧,૦૦૦/-નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરના નામનો ડી.ડી. (નોન રીફંડેબલ) અરજી સાથે તા. ૧૪-૩-૨૦૧૬ (૧૬.૦૦ કલાક) સુધીમાં રજૂ કરીને ભાવપત્રક અત્રેની કચેરીએથી મેળવી લેવાનાં રહેશે.

ભરેલ ભાવપત્રકો તા. ૨૧-૩-૨૦૧૬ (૧૮.૦૦ કલાક) સુધીમાં ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે, અને શક્ય હશે તો તા. ૨૨-૩-૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે એજન્સી / એજન્સીના પ્રતિનિધિની હાજરીમાં ભાવપત્રકો ખોલવામાં આવશે. ઈ.એમ.ડી. તરીકે રૂ. ૧૩૯૮૦/-ની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. ભાવપત્રક સાથે જ રજૂ કરવાની રહેશે. ઈ.એમ.ડી. સિવાયનું ભાવપત્રક રદ્ કરવામાં આવશે. શરતી ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહી. ભાવપત્રકના કવર પર 'સેવા અંગેનું ભાવપત્રક' એમ અવશ્ય દર્શાવવું. કોઈ એક અથવા બધા ભાવપત્રક રદ્ કરવા કે સ્વીકારવા તે અંગે નિગમને અબાધિત અધિકાર છે.

**નાયબ જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**
**ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫**
**www.gsrdc.com**

માહિતી/૨૭૪૨/૧૫-૧૬

